dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

August-September 2013 For private circulation only Vol. 05 - Issue 112-13

દરેક માનવીની સફળતા પાછળ કયાંક પણ જબરદસ્ત સચ્ચાઈ, જબરદસ્ત પ્રમાણિકતા રહેલાં હોવાં જ જોઈએ. જીવનમાં તેની અસાધારણ સફળતાનું કારણ એ જ છે.

સ્વામી વિવેકાનંદ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

એન્ડ્ર્યુ કાર્નેગીએ કહયું છે : એકાગ્રતા એ મારું જીવનસૂત્ર છે. પહેલાં પ્રામાણિકતા, પછી પરિશ્રમ ત્યાર પછી એકાગ્રતા, શુધ્ધ આશયથી, પ્રામાણિક બુધ્ધિથી અને એકાગ્ર ચિત્ત રાખીને કરેલો પરિશ્રમ જીવનમૂલ્ય બની જાય છે. શુધ્ધ હેતુ રાખીને, પ્રબળ ઈચ્છાશકિત તથા અખૂટ ધૈર્ય સાથે કરેલો પરિશ્રમ મૂંગાને ય બોલતો કરે અને પંગુને પહાડ ઓળંગાવે છે.

સંકલ્પબળ, પરિશ્રમ તેમજ બુધ્ધિપૂર્વકના આયોજન વિના કોઈને સીધી સફળતા મળતી નથી. એકલો પરિશ્રમ તો ગધ્ધા વૈતરું બની જાય. પરિશ્રમ પ્રત્યેની સાચી નિષ્ઠા તેમજ ઈમાનદારીનો ભાવ મહત્ત્વનો છે. શ્રધ્ધાના જળનું સિંચન થાય ત્યારે પરિશ્રમ સુગંધી બને. પરિશ્રમનો પથ્થર પારસમણિ ત્યારે જ બને; જયારે એમાં સાચુકલી શ્રધ્ધાનું તિલક થાય. સાચી નિષ્ઠા અને શ્રધ્ધાનું તાપમાન જયારે પુરુષાર્થના વરસાદને પ્રાપ્ત થાય ત્યારે એમાં પાકેલી સફળતા ફલપ્રદ અને સુગંધિત બને. સ્વામી સચ્ચિદાનંદજીએ કહયું છે :

"ખેતરમાં વરસેલો વરસાદ ભૂમિને પલાળે છે પણ ભૂમિમાં વાવેલું બીજ, અગ્નિનું તાપમાન મળે તો જ અંકુર બની પ્રગટે છે. જો તાપમાન ન મળે અને વરસાદ વરસતો રહે કે ઠંડી પડે તો બીજ સડી જાય, ઊગે નહીં. પક્ષીના ઈંડાને પણ ઉષ્ણતામાન જોઈએ. પક્ષી તેના ઉપર બેસીને તેને ગરમી આપે છે. પછી તે સેવાઈ ઈંડામાંથી બચ્ચું બહાર આવે છે."

સફળતા અંકે કરવામાં ભૂતકાળની ઘટનાઓનો પદાર્થપાઠ પણ લેખે લાગે છે. ભૂતકાળના અનુભવોનું ભાથું કામે લાગે તો ભાવિ સપનાંઓની સીડી સડ-સડાટ ચડી જવાય. વર્તમાન પરિસ્થિતિના સંદર્ભે ઊંડી સમજ રાખેલી હોય ત્યારે એવો પરિશ્રમ પરિણામલક્ષી બને. પોતાની આવડતમાં પ્રાણ રેડીને શ્રેષ્ઠ અર્પણ કરવામાં વ્યકિતના ઈરાદા બુલંદ હોય ત્યારે સફળતાની ઉપલબ્ધિ સહજ, સરળ અને રોમાંચક બને છે. સુરેશ જોષી જેવા આધુનિક વિચારધારાના પ્રવર્તક સાહિત્યકારે કહયું છે કે, "કેટલાક સમયને કોતરવા માટેની શિલા બનીને જ જીવન જીવી જાણે છે તો કેટલાક સમયના પટ ઉપર કોઈ સમ્રાટની જેમ પોતાની મુદ્રા આંકે છે.

મોટા ભાગના લોકો 'પડશે એવી દેવાશે' એમ માનીને દિશાહીન આંધળી ગતિએ ચાલ્યા કરતા હોય છે. પણ જયારે પડે છે ત્યારે હાંફળા-ફાંફળા થઈ જાય છે. 'ભાગ્યમાં લખ્યું હશે તે થશે.' એમ મિથ્યા આશા રાખીને હાથ જોડી બેસી રહેનારાઓ મુશ્કેલીમાંથી માર્ગ કાઢી નથી શકતા. મુશ્કેલીઓનો મુકાબલો કરવા મુખોમુખ થનારને ભીતરની શકિતઓનો સ્રોત સહાયભૂત થાય છે. ભીતર સુષુપ્ત શકિતઓ અપાર અને અમાપ છે. પ્રખર ઈચ્છાશકિત અને અદમ્ય સંકલ્પબળથી ભીતરી ઊર્જાને સક્રિય કરી શકાય તો સફળતા કદમ ચૂમતી આવે છે. અને વિસ્મય પમાડે એવાં અદ્‌ભુત પરિણામો પ્રત્યક્ષ થાય છે. પોતાની પ્રતિકૂળ પરિસ્થિતિને પલટી નાખવી અસંભવ નથી. પોતાની ક્ષમતા ઓળખવી એથીય વિશેષ મહત્વનું છે પોતાની ક્ષતિઓ તથા મર્યાદાઓને ઓળખવી અને તેને અતિક્રમી જવું.

ફોર્બ્સ મેગેઝિનના સર્વેમાં જેણે ચીનના સૌથી ધનિક વ્યકિતઓમાં અગ્રસ્થાન મેળવ્યું છે અને દુનિયાના સો અબજપતિઓમાંના એક એવા ચીનના સૌથી સફળ બિઝનેસમેન જોંગ કિંવગ હૂ નું જીવન સફળતાની એક આગવી ઓળખ ઊભી કરે છે. અસાધારણ પરિશ્રમ, અખૂટ ધૈર્ય અને માનવીય મૂલ્યના સમન્વય થકી તેઓ અતિ સામાન્ય નીચલા સ્તરના ખેતમજૂરમાંથી ચીનના સૌથી સફળ બિઝનેસમેન બન્યા.

માઓના સમયમાં ચીનના લાખો યુવકોને ફાર્મિંગ કમ્યુનમાં રાખી ખેતરમાં કામ કરવા મજબૂર કરવામાં આવતા. ૧૯૪૫માં જન્મેલા જોંગ ૧૯૬૪થી ૧૯૭૮ સુધી ફાર્મ કમ્યુનમાં મજૂર તરીકે રહયા. ખેતરમાં મજૂરી કરનારા, કયારેક સોડા વેચવા જનારા, કયારેક સ્કૂલની સામે આઈસ્ક્રીમ વેચનારા, ઓફિસોમાં જઈને વસ્તુઓ પહોંચાડવાનું કામ કરનારા જોંગના કપરા દિવસોમાં, બે ટંક ખાવાના તથા કપડાં ખરીદવાના ય ફાંફાં હતાં. મહિને માંડ ચારસો કમાઈ શકતા જોંગને કયારેક રસ્તા પર બનેલી ટનલ નીચે રાત પસાર કરવી પડતી.

૧૯૮૭માં બે નિવૃત્ત શિક્ષકો સાથે મળીને એમણે વીસ હજાર ડોલરની લોન લઈ કરિયાણાની દુકાન ખોલી. અવિરત પરિશ્રમ અને જીવન પ્રત્યેની અડગ શ્રધ્ધાના બળે વર્ષો પછી Hangzhou Wahaha Group Co. નામની સોફ્ટ ડ્રિંકસનું ઉત્પાદન કરતી કંપનીના તેઓ ચેરમેન બન્યા. દ્રષ્ટિપૂર્વકના પરિશ્રમથી સફળતાનો અભિનવ આદર્શ રચી આપનારા જોંગ ચીનથી લઈને અમેરિકા સુધી અબજો ડોલરનું ઔધોગિક સામ્રાજય ઊભું કરી શકયા.

જોંગ કિંવગ હૂ એ પોતાના ગૃપનું નામ 'વહાહા' અર્થાત્ 'હસતા બાળકો' રાખ્યું છે. અબજોપતિ હોવા છતાં તેઓ ભૌતિકવાદી ઝાકઝમાળથી દૂર રહે છે. સાદાં કપડાં, સાદું ભોજન લે છે. એમનો રોજિંદો ખર્ચ હજાર-બારસોથી વધુ નથી. એ પોતાના ભૂતકાળના દિવસો ભૂલ્યા નથી. પોતાના કર્મચારીઓ સાથે બેસીને ભોજન લેવામાં એમને પ્રસન્નતા થાય છે. એમના પુરુષાર્થને પોતીકું મૂલ્ય પ્રાપ્ત થયું છે. પ્રત્યેક દિશામાં કરેલો આપણો પુરુષાર્થ અર્થપૂર્ણ બને, સર્જનાત્મક અને શ્રધ્ધેય બને; તેમજ એનો પરિપૂર્ણ પરિતોષ પ્રાપ્ત થાય એવી શુભેચ્છા.

તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૩

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## પી.પી. સવાણી વાચન કેન્દ્ર ઉદ્ઘાટન















વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત પરિસરના મહિલા છાત્રાલય ખાતે નવનિર્મિત શ્રી પી.પી. સવાણી વાચન કેન્દ્રનું ઉદ્ઘાટન કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષ સ્થાને પ્રો. વસુબહેન ત્રિવેદી (માનનીય રાજયકક્ષાનાં મંત્રીશ્રી, શિક્ષણ મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત રાજય)ના વરદ્ હસ્તે તા. ૧૯-૯-૧૩ના રોજ કરવામાં આવ્યું. આ શુભ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી નિરંજનભાઈ જાંજમેરા (મેયરશ્રી, સુરત નગરપાલિકા) ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દાતા શ્રી મહેશભાઈ સવાણીનું માન.મંત્રીશ્રીના શુભ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ શુભ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, સાંસદશ્રી દર્શનાબેન જરદોસ, સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રાજુભાઈ દેસાઈ, સિન્ડિકેટ સભ્યશ્રીઓ સર્વશ્રી શ્રી સંજયભાઈ દેસાઈ, શ્રી વિક્રમભાઈ દેસાઈ, ડૉ. કિરણભાઈ પંડ્યા, ડૉ. અપૂર્વ દેસાઈ, શ્રી ગૌરાંગભાઈ વૈદ્ય, શ્રી શ્રીધર નિમાવત, ડૉ. વિનોદભાઈ પટેલ, તથા યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓ-અધ્યાપકો, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ-અધ્યાપકો અને યુનિવર્સિટીના અધિકારીઓ તથા યુનિવર્સિટી કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહયાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના ઉમદા પ્રયાસોથી યુનિવર્સિટીની મહિલા છાત્રાલયની વિદ્યાર્થિનીઓ શિક્ષણ-સંસ્કાર-જીવનલક્ષી ઉત્તમ પુસ્તકોનું વાચન કરી જીવન-ઘડતર કરી શકે તે માટેના વાચનાલય માટે શ્રી વલ્લભભાઈ પ્રેમજીભાઈ સવાણી પરિવાર હસ્તક શ્રી મહેશભાઈ સવાણીએ યુનિવર્સિટીને પચ્ચીસ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું.

નવનિર્મિત શ્રી પી.પી. સવાણી વાચન કેન્દ્રની વિદ્યાર્થિનીઓના ઉપયોગ માટે યુનિવર્સિટીના માનવ સંસાધન વિભાગના પ્રોફેસર અને હેડ તથા સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. કિરણભાઈ પંડ્યા તરફથી તેમના લઘુબંધુ સ્વ. શ્રી જયોતિન્દ્ર પંડ્યાની પાવન સ્મૃતિમાં રૂા. ૧૧૦૦૦ની કિંમતના ૭૫ ગ્રંથો અને માનવ સંસાધન વિભાગનાં આસિ.પ્રોફે. ડૉ. સ્મૃતિ બલ્સારીએ પણ રૂા. ૧૦,૦૦૦ના ગ્રંથો પ્રદાન કરેલ છે. તદ્‌પરાંત ગણિતશાસ્ત્ર વિભાગના પ્રોફે. એન્ડ હેડ, ડોકટર હરીષભાઈએ પણ ૨૫ ખુરશીઓનું દાન કરેલ છે.

## વાવે ગુજરાત









કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાના અધ્યક્ષપદે "વાવે ગુજરાત" અંતર્ગત યુનિવર્સિટી પરિસરમાં તા. ૩૧-૮-૨૦૧૩ન રોજ "વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વિવિધ સત્તામંડળના સભ્યશ્રીઓ, વિભાગીય વડાઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કર્યું હતું.

## પીએચ.ડી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના બાયોટેકનોલોજી વિભાગના અધ્યાપિકા ડૉ. મયુરી ચેતનભાઈ રાઠોડે "દક્ષિણ ગુજરાતની અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળાઓ -એક સર્વેક્ષણ" વિષય પર શોધનિબંધ પ્રસ્તુત કર્યો હતો. આ મહાશોધ નિબંધને યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને શિક્ષણશાસ્ત્રમાં પીએચ.ડી.ની પદવી આપી છે. તેમના માર્ગદર્શક શિક્ષણ વિભાગના પ્રોફેસર અધ્યક્ષ ડૉ. જી. એસ. પરમાર હતા. અગાઈ ૨૦૦૬માં આજ યુનિવર્સિટીમાંથી ડૉ. મયુરીબેને બાયોસાન્યસ વિભાગમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે.

## પ્રકલ્પ

કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, શ્રી હસમુખભાઈ પટેલ (IPS)ના માર્ગદર્શન હેઠળ સુરત શહેરની બી.એડ્. કોલેજના વિદ્યાર્થીઓ નીચે મુજબનો પ્રકલ્પ હાથ ધરશે.

સુરત શહેરની સ્લમ એરિયાની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા શૈક્ષણિક રીતે નબળા વિદ્યાર્થીઓને વિષયવાર ઘનિષ્ઠ શિક્ષણ આપવાના હેતુથી એક શૈક્ષણિક પ્રકલ્પ હાથ ધરવા બાબતે એક સભા યુનિવર્સિટી ખાતે મળી હતી. જેમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, શ્રી હસમુખભાઈ પટેલ (IPS), કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, સામાજીક કાર્યકર શ્રીમતી ગીતાબેન શ્રોફ તથા સુરત શહેરની તમામ બી.એડ્. કોલેજના પ્રિન્સિપાલો ઉપસ્થિત રહયા હતા.

બી.એડ્. કોલેજની સપ્તધારા અંતર્ગત, સામુદાયિક સેવાધારા સાથે સંકળાયેલા ૫-૫ વિદ્યાર્થીઓને પસંદ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું પરંતુ વિદ્યાર્થીઓનો ઉત્સાહ જોતાં વિવિધ કોલેજોમાંથી કુલ-૬૪ નામો પ્રાપ્ત થયા છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખા સાથે પેરેન્ટીંગ ફોર પીસ આ દિશામાં એક નવું કદમ ઉપાડવા જઈ રહી છે જેને સમગ્ર શહેરમાંથી સારો પ્રતિસાદ મળી રહયો છે.સુરત મહાનગરપાલીકાની શાળાના વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓને વધારાના શિક્ષણની જરૂરિયાત હોય તેવા વિદ્યાર્થીઓને શાળા પૂર્ણ થયા પછી દરરોજ ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી જેવા વિષયોનું શિક્ષણ બી.એડ્.ના વિદ્યાર્થીઓ આપશે. જે સામાન્ય રીતે આર્થિક રીતે સધ્ધર ઘરના બાળકોને શાળાઓ ઉપરાંત વધારામાં ટયુશન કરતા હોય છે. પરંતુ આર્થિક રીતે નબળા ઘરના બાળકોને આ રીતે વધારાના શિક્ષણ મળી શકે તેમ ન હોય જેથી તેઓને આ પ્રકલ્પ અંતર્ગત વિના મૂલ્યે શિક્ષણ આપવામાં આવશે જેથી બાળકોમાં શિક્ષણની સાથે સંસ્કારનું સિંચન પણ થશે.

આ પ્રકલ્પમાં જોડાવા થયેલ બી.એડ્. કોલેજોનાં વિદ્યાર્થીઓમાં સમાજ કાર્ય કરવાની ભાવના વધુ મજબૂત થશે અને આવકાર્ય કઈ રીતે કરી શકાય તેનો અનુભવ પણ મળશે જેથી તેઓનું વ્યકિત ઘડતર થશે. ભવિષ્યમાં અન્ય કોલેજોનાં વિદ્યાર્થીઓ આ પ્રકલ્પમાં જોડાશે તેવી શકયતા જણાય છે.

## માર્ગદર્શન-સલાહ કેન્દ્ર

વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક કારકિર્દીના વર્ષો દરમ્યાન સ્પર્ધાત્મક, અભ્યાસનું દબાણ તથા ઝડપી પરિવર્તનોના કારણે અનેક પ્રકારની શૈક્ષણિક, વ્યકિતગત, કૌટુંબિક, આવેગાત્મક સમસ્યાઓ જોવા મળે છે. જેના પરિણામે તેઓમાં ઘર છોડીને ભાગી જવું, અભ્યાસ છોડી દેવો, માતા-પિતા સાથે સંઘર્ષ થવો, સહાધ્યાયીઓ સાથેના સંઘર્ષો, વિજાતીય વ્યકિત સાથે સંબંધોના

પ્રશ્નો જોવા મળે છે. તરૂણાવસ્થામાંથી પસાર થતાં અને પુખ્તાવસ્થાના આરે આવીને ઉભેલા વિદ્યાર્થીઓ સલાહ-માર્ગદર્શનનાં અભાવે ક્યારેક ખોટા માર્ગ પસંદ કરી પોતાના કુટુંબનું, કોઈ સંસ્થાનું કે સમાજનું નુકશાન કરી બેસે છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં કેમ્પસમાં અભ્યાસ કરતાં ૩૫૦૦ વિદ્યાર્થીઓ અને કોલેજોનાં અંદાજે ૧,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને આવા પ્રશ્નો કે સમસ્યાઓમાં યોગ્ય પ્રકારનું માર્ગદર્શન-સલાહ પ્રાપ્ત થઈ રહે તે માટે કુલપતિશ્રી દક્ષેશભાઈ ઠાકર અને પેરેન્ટીંગફોર પીસનાં નેજા નીચે કાર્યરત શ્રી હસમુખભાઈ પટેલ (IPS) નાં પ્રયાસોથી એક માર્ગદર્શન-સલાહ કેન્દ્ર યુનિવર્સિટી ખાતે શરૂ કરવામાં આવનાર છે.

યુનિવર્સિટીની પ્રોએકટીવ પોલીસી અંતર્ગત વિદ્યાર્થીઓના કોઈપણ પ્રકારનાં પ્રશ્નો ખાસ કરીને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ જે તેના જીવનનાં ખૂબ જ નકારાત્મક અસર જન્માવી ક્યારેક જીવનની પણ હાનિ કરે છે. આ પરિસ્થિતિઓ અટકાવવાનાં શુભ આશય સાથે યુનિવર્સિટી દ્વારા 'મનોવૈજ્ઞાનિક સલાહ-માર્ગદર્શન કેન્દ્ર' તારીખઃ ૨ સપ્ટેમ્બર, ૨૦૧૩નાં રોજથી શરૂ થયેલ છે. માર્ગદર્શન-સલાહ કેન્દ્રનાં ઈન્ચર્જ તરીકે એમ.ટી.બી. આર્ટ્સ કોલેજનાં મનોવિજ્ઞાનનાં અધ્યક્ષ ડૉ. રૂદ્રેશભાઈ વ્યાસ કાર્ય કરશે તથા કો-ઓર્ડીનેટરનું કાર્ય ગુજરાતી વિભાગના રીડર ડૉ. શરીફા બહેન વિજળીવાળા તથા શિક્ષણ વિભાગનાં ડૉ. કિર્તીબહેન માટલીવાળા કાર્ય કરશે.

હાસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ યુનિવર્સિટી કેમ્પસમાં તથા સંલગ્ન કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સપ્તાહમાં ત્રણ દિવસ બુધ, શુક્ર અને શનિવારનાં રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન સલાહ-માર્ગદર્શન પ્રાપ્ત કરી શકશે.

સ્થળ : લાલા લજપતરાય ચિંતન કેન્દ્ર, વિવેકાનંદ કેન્દ્રની પાછળ, યુનિવર્સિટી કેમ્પસ, સુરત.

સમય : ૪.૦૦ થી ૬.૦૦, દિવસ : બુધ, શુક્ર અને શનિ.

## ગદ્યસભા

ગુજરાતી વિભાગ દ્વારા શિક્ષણકાર્ય ઉપરાંત વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ શકિતઓને ચોકકસ દિશા મળે તે ઉદ્દેશ્યથી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. તે અંતર્ગત શનિવારના રોજ ગદ્યસભાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમના સંયોજક ડૉ. નરેશ શુકલ એ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ ગદ્યનું અસરકારક પઠન કરતાં શીખે તેવા ઉદ્દેશથી દર મહિને આ પ્રકારની સભા આયોજિત કરવામાં આવનાર છે. મહિનાના પ્રથમ શનિવારે પદ્યસભા, બીજા શનિવારે ગદ્યસભા, ત્રીજા શનિવારે વિદ્યાર્થી પરિસંવાદ, ચોથા શનિવારે દ્રશ્ય-શ્રાવ્યનો કાર્યક્રમ યોજવામાં આવશે. વિદ્યાર્થીઓમાં રહેલી શકિતઓને ચોકકસ દિશા મળે અને પ્રસ્તુતિકલામાં સજ્જતા કેળવે તેવા ઉદ્દેશથી થનાર આ કાર્યક્રમોના કેન્દ્રમાં વિદ્યાર્થી જ રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન, નિર્વહન વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવશે. આ પ્રસંગે વિભાગના અધ્યક્ષ ડૉ. જગદીશ ગૂર્જરે વિદ્યાર્થીઓની ઉચ્ચારણ શુદ્ધિ અને ગદ્યના આરોહઅવરોહ પર ધ્યાન કેન્દ્રિત કરીને સજાગ થવા માટે જણાવ્યું હતું. સૌ વિદ્યાર્થીઓએ રજૂ કરેલ ગદ્યકૃતિઓના પઠન માટે ખાસ અભિનંદન આપીને પ્રોત્સાહક માર્ગદર્શન કર્યું હતું. ડૉ. જશુભાઈ અને પ્રા. ભરત ઠાકોર દ્વારા ગદ્ય-અંશની રજૂઆત કરીને વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી તો ડૉ. શરીફા વીજળીવાળાએ ગદ્યની વિવિધ લઢણોને પકડીને કાનને કઈ રીતે એ માટે સજ્જ કરવા, રજુઆત વેળાએ કઈ બાબતોનું ધ્યાન રાખવું તે વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ રઘુવીર ચૌધરી તથા ચંદ્રકાન્ત શેઠની ગદ્યરચનાઓ, નીતિ કથાઓ, જયંત ખત્રીની વાર્તા-'હિરો ખૂંટ' અને શિવકુમાર જોશીના એકાંકીના અંશોનું નાટયાત્મક પઠન કરીને કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો.

## પદ્યસભા

ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ યુનિવર્સિટી, સુરત વિદ્યાર્થીઓની સર્જનાત્મક પ્રવૃત્તિઓને વેગ આપવા વિદ્યાર્થીઓના વિકાસ માટે ગુજરાતી વિભાગે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું છે. જેમાં તા. ૩ ઓગષ્ટ, ૨૦૧૩ના રોજ પદ્યસભાનો પ્રારંભ જાણીતા કવિ ગઝલકાર શ્રી નયન હ. દેસાઈના સાનિધ્યમાં થયો. ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓને સત્વશીલ સર્જકો સાથે સંવાદ કરવા મળે અને વિદ્યાર્થીમાં રહેલ સર્જનાત્મક શકિતઓ ખીલી ઉઠે, વિદ્યાર્થીઓને સ્વરચિત રચનાઓ રજુ કરવાનો અવસર મળે એવો આશય પદ્યસભાનો રહયો છે. કાર્યક્રમનું આયોજન, કાર્યક્રમની રૂપરેખા અને સંચાલન વિદ્યાર્થીઓના જ સહિયારા પ્રયાસથી થાય અને એમાં તેઓ અધ્યાપકોનું માર્ગદર્શન મેળવે છે. પદ્યસભાના ઉદ્દ્ઘાટક કવિ ગઝલકાર નયન દેસાઈ મેઘાણી એવોર્ડ તતા અન્ય પારિતોષિક મેળવી ચુકયા છે. મોરારીબાપુના હસ્તે સન્માન પામી ચુકયા છે. એમણે વિશિષ્ઠ લાક્ષણિક શૈલીમાં પોતાની રચનાઓનું પઠન આગવા મિજાજમાં કર્યું હતું ! જાણીતી રચના "માણસ ઉર્ફે રેતી ઉર્ફે દરિયો ... "ને વિદ્યાર્થીઓની ભરપુર દાદ મળી હતી. સંવેદનશીલતાનો અંચળો ફેરીને ફર્યા કરતાં આપણે સહુ બહુધા આપણી આજુબાજુ બનતી ઘટનાઓ પ્રત્યે ભીષ્મની સ્થિતપ્રજ્ઞતા જ સેવતા હોઈએ છીએ. ઘટના કોઈપણ હોય આપણો પ્રતિભાવ એક-બે દિવસ અને કયારેક એક-બે અઠવાડિયા કે જવલ્લે જ મહિનાભર લંબાતો હોય છે... બોફોર્સ કૌભાંડ હોય કે ભોપાલ કાંડ, ઘાસચારાનું ભોપાળું હોય કે ગોધરાનો ટ્રેનકાંડ - આપણે થોડી જ વારમાં સહજ થઈ જતાં હોઈએ છીએ. દુનિયાનું જે થવું હોય એ થાય.. તું તારે ચા મંગાવ ને. પદ્યસભાના સંવાહક ડૉ. પન્ના ત્રિવેદીએ પદ્યસભા દ્વારા વિદ્યાર્થીઓએ પોતાનામાં રહેલ સુષુપ્ત શકિતઓ ખીલે તે માટે શું કરવું જોઈએ તેની વાત કરી હતી. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થિની ડીમ્પલ પટેલે કર્યું હતું ! મહેમાનોનો પરિચય હિમા પટેલે આપ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ આશા વસાવા અને સુધીર ગામીત દ્વારા "અદના આદમી છીએ" તે ગીતના ગાનથી કરવામાં આવ્યો હતો. આભાર વિધિ રાહુલે કરી હતી. ડૉ. જશું પટેલ, ડૉ. શરીફા વીજળીવાળા, ડૉ. નરેશ શુકલ અને પ્રા. ભરત ઠાકોર દ્વારા વિદ્યાર્થીઓને રચનાત્મક માર્ગદર્શન મળ્યું હતું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. જગદીશ ગુર્જરે કાર્યક્રમની ભુમિકા વિશે વાત કરી હતી.

## દ્રશ્ય-શ્રાવ્ય


ગુજરાતી વિભાગમાં તા. ૧૭-૮-૧૩ના રોજ યોજાયેલા દ્રશ્ય-શ્રાવ્ય કાર્યક્રમમાં એમ.એ.-૨ની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમમાં આવતા લગ્નગીતોની રજૂઆત કરી. ગણેશ સ્થાપન, માંડવાવિધિ, ફેરા, કન્યાવિદાયનાં ગીતોની વચ્ચે ફટાણાની રમઝટની રજૂઆત થઈ હતી. લોકવાર્તા કઈ રીતે કહેવાય તેનું નિદર્શન શરીફા વીજળીવાળાએ કરી બતાવ્યું હતું. જયંત પાઠકનાં મુખે એમનું 'કવિતા ન કરીએ તો ?' કાવ્ય સાંભળ્યા પછી વિદ્યાર્થીઓએ ઉમાશંકર જોશીનું 'ભોમિયા વિના ભારે ભમવાતા ડુંગરા' ગીત સાંભળ્યું હતું. પ્રેમાનંદના આખ્યાનો ભણતા આ વિદ્યાર્થીઓ માણભટ્ટને જુવે - સાંભળે એ હેતુથી ભાવનગર યુનિવર્સિટીનાં ગુજરાતી વિભાગે 'મામેરું'નું નાટય રૂપાંતરણ કરેલું તે બતાવવામાં આવ્યું. આખ્યાનનાં પાત્રોને મંચ પર હાલતા-ચાલતા જોઈને જ રાજી થયેલા વિદ્યાર્થીઓને દલપરામનું 'મિથ્થાભિમાન' નાટકનો અંશ બતાવ્યો. સિન્ડિકેટ સભ્ય તથા માનવ સંસાધન વિભાગનાં અધ્યક્ષ ડૉ. કિરણ પંડયા અને તુલનાત્મક સાહિત્ય વિભાગનાં અધ્યક્ષા ડૉ. દમયંતી પરમાર ઉપસ્થિત રહયા હતાં. ઉપરોકત કાર્યક્રમમાં ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ ડૉ. જગદીશ ગૂર્જર સૌને આવકાર્યા હતા.

# કોલેજ ન્યૂઝ

## પ્રકાશન



વિમલ. (૨૦૧૨-૧૩) વાર્ષિક મુખપત્ર
શ્રી એમ.આર. દેસાઈ આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ. એલ.કે. કોમર્સ કોલેજ, ચીખલી. પરામર્શક : પ્રિ. એફ.એચ. દેસાઈ, સંપાદકો : પ્રા. શંકર બી. પટેલ. હરિતાબેન આર. ચૌહાણ અને પ્રા. ડૉ. ગજાનન પટેલ. પ્રકાશક : પ્રિ. ડૉ. એફ.એચ. દેસાઈ



ઋત્વિજ (વાર્ષિક મુખપત્ર), અંક-૫૦. ૨૦૧૨-૧૩.
પટેલ રમણ બ્રધર્સ આર્ટસ એન્ડ પટેલ ગોપાળભાઈ રણછોડજી કોમર્સ કોલેજ, બારડોલી. સંપાદક : પ્રા. ડૉ. વિક્રમ ચૌધરી, પ્રકાશક : પ્રિ. ડૉ. વિનોદભાઈ એન. પટેલ



Pratibimb. (2012-13). Shree Ramkrishna Institute of Computer Education and Applied Science, Surat.




આસ્તિકય. ૨૦૧૨-૧૩). અંક-૯. અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ બી.સી.એ. કોલેજ, સાબરગામ, સંપાદક : પ્રા. શ્રી એ.આઈ. પટેલ



જ્ઞાનાદેય : (૨૦૧૨-૧૩). અંક-૬. સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વર. સંપાદક : પ્રા. ભાવિષાબેન ઉમરાળિયા અને ખુશ્બુબેન બી. પુરોહિત.



પ્રાજ્ઞેય. (૨૦૧૨-૧૩), અંક : ૪. શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. અને કોમર્સ કોલેજ, ભેસ્તાન, સુરત. સંપાદકો : પ્રા. વિશ્વાબેન એચ. દેસાઈ, પ્રા. ભાવેશભાઈ કે. ઠાકર અને પ્રા. શ્રીમતી કવિતાબેન ડી. બોરસે. પ્રકાશક : શ્રી નાનાલાલ એસ. પંડયા.



ઉદધિ. (અંક : ૬, ૨૦૧૨-૧૩).
શ્રીમતી પી.એન. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, ઉમરાખ. સંપાદકો : પ્રા. ચેતનકુમાર કે. રાઠોડ અને પુનમ ડી. પટેલ.



અભિનવ. (૨૦૧૨-૧૩). વિવેકાનંદ કોલેજ, જહાંગીરપુરા, સુરત. સંપાદકો : પ્રા. ડૉ. ડી.એસ. વાઘ, પ્રિ. ડૉ. એમ. પટેલ અને પ્રા. વી.આર. ઠંઠ. પ્રકાશક : શ્રીમતી નીમા વી. જોષી. આ અંકનું વિમોચન ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષીના હસ્તે કરવામાં આવ્યું હતું.



Manager Y. (Annual Managize 2012-13). Editors : Mr. Baxis Patel, Ms. Hiral Mehta. Publisher : Mr. Sunilbhai N. Patel.

## માર્ગદર્શન

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે પ્રિ. ડૉ. જે.એમ. નાયકની પ્રેરણા અને માર્ગદર્શન તળે વિદ્યાર્થીઓ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ચાર્ટર્ડ સેક્રેટરી તથા આઈ.સી.ડબલ્યુ.એ. માટે તૈયારી કરી શકાય તે હેતુથી કોચીંગ કલાસ માટે વલસાડની નૂતન કેળવણી મંડળના કેમ્પસ ડાયરેકટર શ્રી સુનિલભાઈ મરજાદી તથા શ્રી બી.એફ. મોદી, શ્રીમતી વૈશાલીબેન મોદી, શ્રી નિશીથ પરીખ, કુ.દિપા ચઢ્ઢા, શ્રી રાહુલ પાંચાલ, તથા શ્રી સ્મિતેશ દેસાઈ દ્વારા કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.

## સ્પર્ધા

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં યોજાયેલ દેશભકિતગીત સ્પર્ધામાં ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલ અને સર્વ અધ્યાપકમિત્રો ઉપસ્થિત રહયા હતા. સ્પર્ધામાં પ્રથમ ક્રમે ખલાસી સોનાલી, દ્વિતીય ક્રમે ભટ્ટ એકતા અને તૃતીય ક્રમે લાડ આશા વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. પારૂલ એસ. નાયક અને પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડે સેવા આપી હતી. ઉદ્‌ઘોષક તરીકે તાલીમાર્થીની પટેલ મયુરી અને પટેલ નીતએ સેવા આપી હતી.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં યોજાયેલ દેશભકિત ગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચાહવાલા પાયલબેન, બીજા ક્રમે પટીયાર હિનાબેન અને તૃતીય ક્રમે કાબા તાહિરભાઈ રહયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. સ્વાતીબેન અને પ્રા. ગણેશભાઈ રહયા હતા. કાર્યક્રમનું સંચાાન તાલીમાર્થી પરમાર ધર્મેશભાઈ અને પટેલ હેમંતભાઈએ કર્યું હતું.

શ્રીમતી જી.એન. પંડયા કોમર્સ કોલેજ, ભેસ્તાનમાં યોજાયેલ મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. પાંડે પ્રિતી અને બીજા ક્રમે કુ. પઠાણ રૂબિના રહયા હતા.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્. સુરતમાં યોજાયેલ વર્ષાગીત સ્પર્ધામાં ઈ.આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે સહઅભ્યાસ પ્રવૃત્તિ અંગે માહિતી આપી હતી. જેમાં પ્રથમ ક્રમે પટેલ નીશા ટી., દ્વિતીય ક્રમે પટેલ નિલમ આર. વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડૉ.મિનાક્ષીબેન જરીવાલા અને પ્રા. ડૉ. દિનેશભાઈ વાઘે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થિનીઓ પટેલ મયુરી, ભટ્ટ એકતા, પટેલ જિગીષાબેને કર્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨૬-૭-૧૩ના રોજ આચાર્યશ્રી જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ અરેબીક મહેંદી તથા ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અરેબીક મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ.રીયા જી. પટેલ, દ્વિતીય ક્રમે કુ. તસ્નીમ એ. પટેલ, તૃતીય ક્રમે કુ.અમી સોલંકી, ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. પ્રજાપતિ સોનલ, દ્વિતીય ક્રમે કુ. હીનલ પટેલ, તૃતીય ક્રમે કુ. પ્રજાપતિ પૂજા, અને ચોથા ક્રમે કુ.નિધિ રાઠોડ ઈનામ માટે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે આર્ટીસ્ટ કુ.આરતી રાંકા અને શ્રીમતી અનિતાબેન રાંકાએ સેવા આપી હતી. સેમિનારનું સંચાલન પ્રા. ડૉ. દક્ષાબેન ઠાકોરે કર્યું હતું. તદ્‌પરાંત કોલેજની વિદ્યાર્થિની કુ. ફાલ્ગુની પટેલે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે યોજાયેલ આંતરકોલેજ પ્રાર્થના સ્પર્ધામાં તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. આ કૃતિ ગીત-સંગીત, નૃત્યધારા કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવી હતી. કોલેજ ખાતે તા. ૩૦-૭-૧૩ના રોજ 'સ્વ. પુનમબેન પટેલ મેમોરિયલ વકતૃત્વ સ્પર્ધા' નિમિત્તે 'આજના ભારતનું દિશાવિહિન યુવાધન' વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિ. ડૉ. જે.એમ. નાયકે વિદ્યાર્થીઓને વિષયને અનુસંધાને પ્રેરણાત્મક વાતો કરી કોલેજ દ્વારા આયોજીત આવી સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા અનુરોધ કર્યો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ મોટાપોંઢાના પ્રા. ડૉ. આશાબેન ગોહિલ તથા રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રા. હંસાબેન પટેલે સેવા આપી હતી, અને વિદ્યાર્થીઓના વકતૃત્વ અનુસંધાને ઝીણવટભરી સમજૂતિ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. કલ્યાણી દ્વિતિય ક્રમે કુ. સોનાલી પ્રજાપતિ અને તૃતીય ક્રમે શ્રી વિતાન વોરા વિજેતા રહયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ વાદ્‌સમિતિના ચેરમેન પ્રા. મુકેશ ચૌહાણે કરી હતી.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં નહેરુ યુવા કેન્દ્ર ભરૂચના ઉપક્રમે સદ્‌ભાવના દિવસની ઉજવણી પ્રસંગે શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું હતું. આ સ્પર્ધા અંતર્ગત ટેક્નોલોજી, આજની શિક્ષણ પ્રણાલી, સમાજના દુષણો, આજનો શિક્ષક અંગેના વકતવ્યો આપ્યા. સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ હેમંતભાઈ દ્વિતીય ક્રમે ભટ્ટ પ્રિયંકાબેન રહયા હતા. વિજેતાઓને નહેરુ યુવા કેન્દ્ર ભરૂચના સંયોજક શ્રી કિરણભાઈ પટેલ અને આચાર્ય શ્રી કૌશલભાઈ પારેખના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન નહેરુ યુવા કેન્દ્રના કન્વીનર શ્રી સુભ્રતો ઘોષ રહયા હતા. કિરણભાઈ પટેલ અને પ્રા. ગણેશભાઈ પટેલે સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં એસ.બી. ગાર્ડા કોલેજ, નવસારીના મનોવિજ્ઞાન વિભાગના હેડ ડૉ. ગુર્જર તથા તેમની ટીમ દ્વારા 'સામાજિક જાગૃતિ' અંગેનો કાર્યક્રમ, સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગ રૂપે દેશભકિત ગીત સ્પર્ધા તથા સંસ્કૃત દિન નિમિત્તે કાર્યક્રમ એમ ત્રિવિધ કાર્યક્રમો યોજાઈ ગયા. 'સામાજિક જાગૃતિ' અભિયાન અંતર્ગત નવસારીની ગાર્ડા કોલેજના ડૉ.
ધર્મવીર ગુર્જર તથા ડૉ. એ.સી. શર્માના નેતૃત્વ હેઠળ ચાર વિદ્યાર્થિનીઓએ ધ્યેય, બાળ કેળવણીના સિદ્ધાંતો, માનવીય સંબંધો, હકારાત્મક અભિગમ જેવા વિષયો ઉપર મૌલિકતાથી રજૂઆત કરી હતી. કાર્યક્રમ આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલના અધ્યક્ષપણા હેઠળ રાખવામાં આવ્યો હતો. ૬૭માં સ્વાતંત્ર્યપર્વની ઉજવણીના ભાગરૂપે દેશભકિતગીતોની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં વ્યકિતગત અને સામૂહિક ગીતો મળીને કુલ ૨૦ ગીતો રજૂ થયા હતા. જેમાં વ્યકિતગત ગીતમાં પ્રથમ ક્રમે ડાકોર રચનાબેન તથા સામૂહિક ગીતમાં લાડ મનાલીબેનનું ગ્રૃપ પ્રથમ ક્રમે રહયા હતા. ૧૯મી ઓગષ્ટના દિને સંસ્કૃત દિનની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્કૃત શ્લોક, પ્રાર્થના, સ્તુતિ, વકતવ્ય ભજન, નાટક, સંસ્કૃતમાં આંકડા બોલવા વગેરે જેવી વૈવિધ્યસભર કૃતિઓ રજૂ થઈ હતી. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ તથા સંસ્કૃત વિષયના પ્રા. ધીરેનભાઈ મૈસુરિયાએ સંસ્કૃતના મહત્વ વિશે જણાવ્યું હતું. અંતે પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી.

શિક્ષણ ભારતી બી.એડ્. કોલેજ, ભરથાણામાં યોજાયેલ મહેંદી સ્પર્ધામાં અનુક્રમે પટેલ મયુરી, સરકારી એલીસા, સિંદે નિકીતા અને કેશગૂંફનમાં અનુક્રમે રાઠોડ હિના, સોલંકી દિપીકા, પટેલ કિંજલ તથા હારગૂંફનમાં અનુક્રમે માળી બિનીતા, પટેલ પ્રકૃતિ, પટેલ કરિશ્મા વિજેતા થયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ઈ.ચા. પ્રિ. નયનાબેન ચૌહાણ તથા પ્રા. ભાવિનાબેન દેસાઈએ સેવા આપી હતી. સ્પર્ધાનું આયોજન પ્રા. હેતલબેન પટેલ, પ્રા. નીતાબેન મોહિતે, પ્રા. કેતકીબેન પંડયાએ કર્યું હતું. તદ્‌પરાંત વર્ષાગીત સ્પર્ધાનું આયોજન પ્રા. દેવાંગનાબેન પટેલ, પ્રા. દિપ્તીબેન શ્રોફ, પ્રા. હેતલબેન પટેલ તથા પ્રા. નીતાબેન મોહિતેએ કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. ભાવિકભાઈ ગજ્જર પ્રા. રાજેન્દ્રભાઈ ચૌધરીએ સેવા આપી હતી. સ્પર્ધામાં સોલોમાં પટેલ પ્રકૃતિ તથા ગ્રુપમાં પટેલ નેહા અને પટેલ પાલમ વિજેતા થયા હતા. ઈ.ચા. આચાર્યા નયનાબેન ચૌહાણે આ પ્રસંગને અનુરૂપ પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યાપકોએ પણ વર્ષાગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ તાલીમાર્થીની પંચાલ અમિતાએ કરી હતી. મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ટાંક પુજા, દ્વિતીય ક્રમે નિગમ ભૂમિકા, તૃતિય ક્રમે ચૌધરી સોનલ, પોસ્ટર ગ્રુપ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભાટિયા હર્ષા એ., ચૌધરી મનિષા આર., પટેલ કૃતિકા કે., દ્વિતીય ક્રમે દિવાસળીવાળા નિમ્મી, સિંહ પ્રિતી, અંસારી નદીમ વિજેતા રહયા હતા. નિર્ણાયક તરીકે ઈ.ચા. આચાર્ય નયનાબેન ચૌહાણ અને પ્રા. દેવાંગનાબેને સેવા આપી હતી. કાર્યક્રમનું આયોજન પ્રા. કેતકીબેન પંડયા, પ્રા. ભાવિનાબેન દેસાઈ, પ્રા. નીતાબેન મોહિતે કર્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં એન.એસ.એસ.ના ઉપક્રમે સ્વાતંત્ર્ય દિનને ઉપલક્ષમાં રાખી યોજાયેલ દેશભકિત ગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. અલીશા શેખ, દ્વિતીય ક્રમે કુ. અંકિતા પટેલ તથા તૃતીય ક્રમે કુ. જેસલ ભટ્ટ અને કુ. કિરાંગી મોદી વિજેતા જાહેર થયા હતા. કાર્યક્રમની વ્યવસ્થા અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. આર. આર. પટેલ, પ્રા. વી.આર. ચાપાનેરી તથા પ્રા. કે.સી. પટેલ દ્વારા કરવામાં આવી હતી. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે શ્રીમતી ઉષાબેન દેસાઈ તથા શ્રીમતી સોનલબેન દેસાઈએ સેવા આપી હતી. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ તા. ૧૨-૮-૧૩ અને ૧૩-૮-૧૩ દરમ્યાન યોજાયેલ 'પુસ્તક પરિચય સ્પર્ધા'માં શ્રી વિતાંત વ્હોરા કે જેઓએ જીમ સ્ટોવેલ લિખિત ધી અલ્ટીમેટ ગીફ્ટ પુસ્તકનો પરિચય કરાવ્યો હતો તેઓ પ્રથમ ક્રમે, 'નરેન્દ્ર મોદી : આધુનિક ગુજરાતના શીલ્પી' પુસ્તક ઉપર વકતવ્ય આપનાર કુ. કલ્યાણી દ્વિતિય ક્રમે, બી.એન. દસ્તુર લિખિત સકસેસ ઈન કેરીઅર પુસ્તક પરિચય કરાવનારા શ્રી અહમદ અબ્બાસ તથા શ્રી પ્રકાશચંદ્ર લિખિત 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ' પુસ્તક પર પ્રકાશ નાખનાર કુ. પિનલ સંઘવી તૃતીય ક્રમે અને શ્રી ચેતન ભગતની કૃતિ 'થ્રી મીસ્ટેક ઓફ લાઈફ'નું રસપાન કરાવનાર શ્રી મોહમદ કુરેશી આશ્વાસન ઈનામ માટે વિજેતા જાહેર થયા હતા. તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરી કાર્યક્રમ ઈન્ચાર્જ ડૉ. દક્ષા ઠાકોરે પ્રોત્સાહિત કર્યા હતા. ડૉ. હંસા પરમાર અને પ્રા. ભરતભાઈ દેસાઈએ નિર્ણાયકો તરીકે સેવા આપી હતી. તદ્‌પરાંત ૬૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના સંદર્ભમાં એન.એસ. ટાઈમ્સ ભીતપત્ર પ્રોજેકટ અંતર્ગત આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ 'મને ગમતા સ્વાતંત્ર્યસેનાની રેખાચિત્ર' સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કુ. ઝંખના પટેલ પ્રથમ ક્રમે, કુ. સુરિજના પસ્તમ તથા કુ. પ્રિયંકા ગાંવિત દ્વિતિય ક્રમે અને કુ. ચૈતાલી ભોયા તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શેઠ આર.જે. જે. હાઈસ્કૂલના શિક્ષક શ્રી કૌશિકભાઈ ચૌહાણે સેવા આપી હતી. પ્રોજેકટ ઈન્ચાર્જ ડૉ. દક્ષા ઠાકોરે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૧૭-૮-૧૩ના રોજ 'સ્વ. ચંચળબેન આશાભાઈ રાય મેમોરીયલ વકતૃત્વ સ્પર્ધા' નિમિત્તે 'શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ' વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે વિદ્યાર્થીઓને શિક્ષણમાં ટેકનોલોજીના ઉપયોગ સંદર્ભે માહિતગાાર કર્યા હતા. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે બી.કે.એમ. સાયન્સ કોલેજનાં પ્રા. રાજેશ સોલંકી તથા પ્રા. ડૉ. અલ્પેશ ઠાકોરે વિદ્યાર્થીઓને પોતાના વકતવ્ય સંદર્ભે સમજૂતી આપી હતી. ઉપરોકત સ્પર્ધાના પુરુસ્કર્તા પૂર્વ પ્રા. એચ.એ.રાય ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક વાતો જણાવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. યાદવ

પ્રિયંકા, દ્વિતીય ક્રમે કુ. સંઘવી પિનલ અને તૃતીય ક્રમે કુ. ટંડેલ સોનાલીએ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ જ્ઞાનધારા સમિતિનાં અધ્યક્ષ પ્રા. મુકેશ ચૌહાણે કરી હતી.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં રક્ષાબંધન પૂર્વે રાખડી બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પરમાર હેમાંગીનીબેન, દ્વિતિય ક્રમે ગોહિલ મિનલ અને તૃતિય ક્રમે મન્સુરી નાઝમીન અને રોય સુચિતાબેન રહયા હતા. તથા રક્ષાગીત સ્પર્ધાનું પણ આયોજન થયું હતું. જેમાં પ્રથમ ક્રમે પટેલ અલ્પાબેન, દ્વિતિય ક્રમે ગોહિલ મિનલબેન, તૃતિય ક્રમે પરમાર ઉષાબેન રહયા હતા.

## એન.એસ.એસ.

તા. ૨૮ જુલાઈના રોજ ''વિશ્વ હિપેટાઈટિસ ડે''ની ઉજવણીના ભાગરૂપે તા. ૨૭-૭-૧૩ના રોજ જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજના એન.એસ.એસ. વિભાગ તથા બી. ડી ઈન્ડિયા લિમિટેડના સંયુકત ઉપક્રમે સવારે ૧૦ કલાકે હિપેટાઈટિસ અંગેની જાગૃતિ લાવવા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું તથા ત્યારબાદ વિદ્યાર્થીઓ માટે આ અંગે પ્રવચન રાખવામાં આવ્યું હતું. જેમાં ડૉ. સુભાષ નંદવાણી, ડી.એમ. ગેસ્ટ્રોઈન્ટ્રોલોજીસ્ટ, સુરત તથા ડૉ. ભાસ્કર સોનવાલે હિપેટાઈટિસ અંગે રસપ્રદ રીતે સમજુતી આપી હતી તથા કુમારી સુખા, કીશ્નન બી., વેગેરે એ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તથા આ રેલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના, એન.એસ.એસ. પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર શ્રી ડૉ. એ.એન. માલવીયા તથા પ્રિ. ડૉ. કે.એન. ચાવડા, અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી એન.બી. બારીયા, શ્રી જે.ડી. વારછાણી, પ્રા. જે. બી. ચૌધરી તથા પ્રા. બિંદુબેન એ. ઠાકોરે ભાગ લીધો હતો આ સમગ્ર કાર્યક્રમના આયોજન અને સંચાલનમાં પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું અને આ કાર્યક્રમમાં એન.એસ.એસ. ના લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



શ્રી ઈ.ખો. ચાવડાગ્રામ વિદ્યાપીઠ કહાનવાડી મુકામે ૬૪૫માં વનમહોત્સવ પ્રસંગે પુજય દાદા સંસ્થાના સ્થાપકની જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે ૨૦૦ જેટલા વૃક્ષોનું રોપણ કાર્ય રાષ્ટ્રીય સેવા યોજના અન્વયે પ્રવિણભાઈ શર્માના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ પૂરું પાડયું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ. યુનિટ દ્વારા વલસાડના કાંઠા વિસ્તારના કોસંબા ગમની પ્રાથમિક શાળાના વિશાળ ચોગાનમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકની શુભેચ્છા, વરિષ્ઠ અધ્યાપક શ્રી ટી.જી. પટેલ તથા પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. આર. આર. પટેલ, પ્રા. વી.આર. ચાંપાનેરી તથા પ્રા. કે.સી. પટેલના માર્ગદર્શન હેઠળ સામાજિક વનીકરણ વિભાગ દ્વારા પૂરા પડાયેલા કાંઠા વિસ્તારને અનુરૂપ વિવિધ પ્રકારના ૫૦૦ છોડ પ્રાપ્ત કરી રોપાણ કર્યું હતું. એન.એસ.એસ.ના પંચાવન કરતાં વધુ સ્વયંસેવકો ઉપરાંત શાળાના બાળકો તથા પ્રાથમિક શાળાના આચાર્યા શ્રીમતી પદમાબેન પટેલ તથા શિક્ષિકા લક્ષ્મીબેને પણ ઉત્સાહભેર વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.





આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં તા. ૭-૮-૧૩ના રોજ મતદાર જાગૃતિ માટે એન.એસ.એસ., એન.સી.સી. તથા અન્ય વિદ્યાર્થીઓ દ્વારા રેલી કાઢવામાં આવી હતી. જેમાં આશરે ૪૦૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ રેલીમાં ભાગ લીધો હતો 'જાગો મતદાર જાગો', 'મતદાન કરો સાચી લોકશાહી લાવો', 'મતદાન મહાદાન', સૌનુ થાઓ શુભ કલ્યાણ સાથે આવો કરો મતદાન', 'મતદાન કરી લોકજાગૃતિ લાવો' જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા. આચાર્યશ્રી ડૉ. ઈશ્વરભાઈ એમ. પટેલ, ઉપાચાર્યશ્રી આર.બી. ઢીમર, ડૉ. જે.એમ. રાણા, પ્રા. આર. બી. પટેલ (એન.સી.સી. ઓફિસર), પ્રા. કે.જી. ચપટવાલ અને ડૉ. રાજેશ પી. પટેલ, પ્રા. દક્ષાબેન કોન્ટ્રાકટર (એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર), પ્રા. બી.સી. બરૂવાલા અને એડ-હોક પ્રા. મેહુલ પટેલે રેલીમાં જોડાઈ વિદ્યાર્થીઓમાં આત્મબળ પૂરું પાડયું હતું. તા. ૨૭-૭-૧૩ના રોજ ઈન્ડોર સ્ટેડિયમ, સુરત ખાતે સેતુ પ્રોગ્રામમાં આશરે ૮૦ વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ એન.એસ.એસ. અને એન.સી.સી. પ્રોગ્રામ ઓફિસરે ભાગ લીધો હતો. સેતુમાં ભાગ લેવા પહેલા તા. ૨૭-૭-૧૩ના રોજ ઓલપાડના મામલતદારશ્રીની કચેરીથી વિદ્યાર્થી ભાઈ-બહેનોને 'સેતુ' લોગોના ટી-શર્ટનું વિતરણ કાર્ય કરવામાં આવ્યું હતું. સેતુ પ્રોગ્રામ સુરત સીટી પોલિસ તેમજ ગ્રામ્ય પોલિસના સંયુકત પ્રયાસથી કરવામાં આવ્યો હતો. અનેક સંસ્થાઓએ સ્પોન્સરશીપ આપી હતી. 'સેતુ' પ્રોગ્રામનો મુખ્ય આશ્ય સ્ત્રીઓને શેરી-રોમીયોથી બચાવવાનો, સીનીયર સીટીજન તેમજ અન્ય ફરિયાદ તાત્કાલિક પહોંચે તેનો રહેલો છે. આ માટે ગુગલમાં APની વેબસાઈટ પર જઈ 'સેતુ' પ્રોગ્રામમાં જઈને તમારું નામ રજિસ્ટર કર્યા પછી ફરિયાદ આપી શકાય છે. આ માટે ઉંચી જાતનો મોબાઈલ તેમજ વાયફાઈના સુવિધા હોવી જરૂરી છે.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.અસ. યુનિટ દ્વારા 'રાજીવ ગાંધી જયંતિ' નિમિત્તે ઉજવનાર સાંપ્રદાયિક સૌહાર્દ પખવાડિયા અંતર્ગત પ્રિ. ડૉ. જે.એમ. નાયકની આગેવાનીમાં તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. આર.આર. પટેલ, પ્રા. વી.આર. ચાંપાનેરી, તથા પ્રા. કે.સી. પટેલના માગદર્શન હેઠળ 'સદ્ભાવના શપથ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રા. આર. આર. પટેલ દ્વારા લોકોમાં ભાવાત્મક એકતા આવે તે માટે દરેક જાતિના લોકો ક્ષેત્ર ધર્મ કે ભાષાની ચિંતા વિના કામ કરવાના શપથ લેવડાવ્યા હતાં.

## વાંચન વિશેષ

### ધ ટ્રેઝર

સંપાદક : યોગેશ ચોલેરા, ભાવાનુવાદ : હરેશ ધોળકિયા
રાજકોટ : વન્ડરલેન્ડ પબ્લિકેશન્સ, ૨૦૧૨. પૃ. ૨૪૦ રૂા. ૨૯૫

મૂળ અંગ્રેજીના આ પુસ્તકની બે આવૃત્તિઓ થઈ ચૂકી છે. પુસ્તક મરાઠીમાં પણ અનુવાદિત થયું છે. પ્રેરણાનો ખજાનો એટલે 'ધ ટ્રેઝર'. આ પુસ્તકમાં વિશ્વના સર્વશ્રેષ્ઠ ૧૦૯ મોટિવેશનલ અને સ્વ-પ્રેરણાના ગુરુઓના વિચારોનો સાર છે. આ પ્રેરણાના પથદર્શકોએ પોતાનાં પુસ્તકો, સેમિનાર અને તાલીમથી લાખો લોકોને જીવનને સુધારવામાં મદદ કરી છે. આ પથદર્શકો પ્રેરણાના પાવરહાઉસ બની લોકોને અંધકાર સામે લડવામાં મદદ કરે છે. આ પુસ્તકમાં વાચકોને વાચનમાં સરળતા પડે તે હેતુથી ૧. સફળતાના ગુરુઓ, ૨. મોટિવેશનલ માસ્ટર્સ, ૩. જીવન અને વ્યકિતત્વવિકાસના ગુરુઓ, ૪. બિઝનેસ સકસેસના નિષ્ણાતો, ૬. બ્રેઈન પાવર, ક્રિએટિવિટી અને સ્ટ્રેસ મેનેજમેન્ટના નિષ્ણાતો, ૭. પ્રેમ, લગ્ન અને માનવીય સંબંધોના શિક્ષકો, ૮. ઈમોશનલ ઈન્ટેલિજન્સના નિષ્ણાતો, ૯. નેતૃત્વ કેળવણીના નિષ્ણાતો, ૧૦. ટાઈમ મેનેજમેન્ટના નિષ્ણાતો જેવા દસ વિભાગોમાં વિભાજીત કરેલ છે. પુસ્તકમાં સમાવેશ પામતા વિચારો પ્રેરણાપ્રદ છે. આપણને જીવનમાં કોઈ મુશ્કેલી આવે ત્યારે વિચારરત્નો પ્રકાશના પૂંજ પાથરે છે અને જીવનને અજવાળે છે અને જીવનને નવો રાહ ચીંધે છે.

આ પુસ્તકનાં થોડાંક રત્નો જોઈએ તો :

- સમયના સંચાલક બનવાને બદલે કામ પસંદગી કરો. ધ્યેયોને નાના હિસ્સામાં વહેંચી દો. તેમાં આવતી દરેક નાની ખુશીને પણ ધ્યેય બનાવો. (ડેનિસ વેટલી)
- આપણા બધા પાસે અનંત શ્રધ્ધા છે. તકલીફ એ છે કે આપણે મોટાભાગે નકારાત્મક બાબતો પર શ્રધ્ધા રાખીએ છીએ. (એરિક બટરવર્થ)
- જેમ મનુષ્ય શાંત બને છે, તેમ તેની સફળતા વધે છે, તેનો પ્રભાવ વધે છે, સારું કરવાની શકિત વધે છે. મનની શાંતિ એ ડહાપણનું એક મૂલ્યવાન ઝવેરાત છે. (જેમ્સ એલન)
- તમારા ધ્યેયો સિધ્ધ કરવામાં કમ્યૂનિકેશન આવડત એક મહત્વનું સાધન છે. પછી તે તમારા કુટુંબ સાથે હોય, સાથીઓ સાથે હોય કે તમારા ગ્રાહકો સાથે હોય. (લેસ બ્રાઉન)
- હું યોગ્ય સ્થળે છું, યોગ્ય સમયે જ છું, યોગ્ય કામ કરું છું. (લૂસી હે)
- સત્ય એ છે કે આપણાં દૈનિક સહજ જગતમાં જેને "આપણું જીવન" કહીએ છીએ, તેને આપણે જે રીતે ઈચ્છીએ છીએ તે રીતે તેને સંચાલિત કરવાની આપણી પવિત્ર ફરજ છે. કોઈ પણ રીતે ! કશું જ બંધન નથી. (લીન ગ્રાબોર્ન)
- તમારે જો બીજાનું બુરું બોલવું જ પડે, તો તે બોલશો નહીં. તેને પાણીના છેડે આવેલી રેતીમાં લખી નાખો. (નેપોલિયન હિલ)
- તમારો માલ ગમે તે હોય, તમે અંતે તો શિક્ષણના વ્યવસાયમાં જ છો. તમારા ગ્રાહકોને તેમણે તમારા સાથે ધંધો કરવાથી શું ફાયદા થાય છે, તે વિષે સતત શિક્ષિત કરવાની જરૂર હોય છે, તેમને તમારો માલ વધારે અસરકારક રીતે ઉપયોગ કરવાની તાલીમ આપવી જોઈએ અને તેમના જીવનમાં કદી ન અટકનારા સુધારા કેમ કરવા જોઈએ તે પણ શીખવવું જોઈએ. (રોબર્ટ એલન)
- તમે ગમે તેટલું વાંચો કે યાદ રાખો, તે તમને જીવનમાં સફળ નહીં કરી શકે. કેવળ ડહાપણભર્યા વિચારની સમજ અને તેનો અમલ મહત્વનાં છે. (બોબ પ્રોકટર)
- કેટલીક સ્ત્રીઓને પગરખાંની નબળાઈ હોય છે.. હું તો જરૂર પડયે ઉઘાડા પગે પણ જઈ શકું. મારી નબળાઈ તો પુસ્તકોની છે. (ઓપ્રા વિન્ફ્રે)
- બધી જ બાબતોમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી બનો સફળ લોકોના ગુણો નીરખો. તે તમને પ્રેરણા અને માર્ગદર્શન આપશે. (ટોની બુઝાન)
- વિદ્યાર્થીનું વલણ કેળવો. પ્રશ્નો પૂછવા કદી મોટા ન થાવ. નવું શીખવા કયારેય વધું પડતું ન જાણો. (ઓગ મેન્ડિનો)
- વૈધિક શિક્ષણ તમારું પેટ ભરશે. સ્વ-કેળવણી તમને સમૃધ્ધ બનાવશે. (જીમ રોન)
- બાળકમાં પાયાની કઈ પ્રતિભા છે તેના જીવનની શરૂઆતમાં જ ઓળખતાં માતા-પિતાએ શીખવું ખુબ જ મહત્વનું છે. પછી તે પ્રતિભાને પ્રબળ બનાવવા પ્રોત્સાહન આપવું અને આ પ્રતિભાને શાળાકીય વ્યવસ્થાની 'એક કેન્દ્રીય પ્રતિભા' બનતાં અટકાવવાનું છે (રોબર્ટ કિયોસાકી)

માનવીય જીવનમાં વિચાર એ સૌથી મહત્વનું ઉપકરણ છે. અવતરણોનો પ્રચાર અને પ્રસાર સદ્‌જીવન તરફ દોરી જાય છે. સુસંસ્કૃત સમાજનો આધાર ઉત્તમ વિચારો સેવવા પર છે. સુવિચારો માનવીય જીવનને ઉન્નત બનાવે છે, તેથી ઉત્તમ સુવિચારોનું સેવન મનુષ્યે દરરોજ કરવું જોઈએ.

આ પુસ્તક યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

**ડો. જે.આર. મહેતા**
**કુલસચિવ**


VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com